ચોપાઇ- પછી ત્યાંથી ચાલ્યા અવિનાશ, જોઈ અસુર નરનો નાશ।
ગયા વેલાલ્ય સલકિ ગામ, પછી કચ્છમાં સધાવ્યા શ્યામ ॥૧॥
ત્યાંથી કાગળ મોકલ્યો નાથે, એવું શીદ કર્યું અમ સાથે ।
અમારે નોતું કરવું એમ, તમારે પણ ઘટે એ કેમ ॥૨॥
એતો થયું છે અજાણમાંઇ, તેનો ધોખો કરશોમાં કાંઇ ।
એતો કરાવનારા છે કોક, તેનો શીદને રાખવો શોક ॥૩॥
અમે તમે તો એક જ છીએ, ઘણું ઘણું શું મુખથી કહીએ ।
અમે કરશું જગન ડભાણ, તિયાં આવજો સર્વે સુજાણ ॥૪॥
થાશે તે અમે ચાકરી કરશું, તમે કરશો માં તમારું નરશું ।
ત્યાંતો એકાએક હતા અમે, તેવા સમામાં આવિયા તમે ॥૫॥
એવો પત્ર લખ્યો અવિનાશે, આવ્યો અસુરાધિશને પાસે ।
સામ દામ દંડ ભેદે ભર્યો, વાંચી કાગળ વિચાર કર્યો ॥૬॥
ન કરો નુગરાની યાં વાત, જેણે માર્યા સાધુ સાક્ષાત ।
એમ સમજી મનમાં વિચારી, પછી બેસી રહ્યા જખ મારી ॥૭॥
પછી શું શું કર્યું ભગવાને, કહું સાંભળજયો સહુ કાને ।
આદર્યો છે ડભાણે જગન, આવ્યા ચૌદિશેથી હરિજન ॥૮॥
શાળ દાળ ને દળાવ્યા ઘઉં, લીધાં ઘી ગોળ મિસરી બહુ ।
છોયે રસના ભર્યા કોઠાર, તેનો કહેતાં તે ન આવે પાર ॥૯॥
પછી પોતે પધાર્યા મહારાજ, પૂરો કરવો જગન એ કાજ ।
રહ્યા દન દોય એહ ઠામ, પછી ગયા ઘોડાસર ગામ ॥૧૦॥
ત્યાંથી નાથ ગયા હાથરોળી, ત્યાં તેડાવી સંત મંડળી ।
આવ્યા ભીલ ને ભીલભૂપતિ, હાથ જોડીને કરી વિનતિ ॥૧૧॥
ભલે આવ્યા તમે ભગવાન, દીધાં અમને દર્શન દાન ।
ઉભા આગળ જોડીને પ્રાણ, અમે છીએ તમારા વેચાણ ॥૧૨॥

કાંઇક સોંપજ્યો અમને કાજ, એવું સુણીને બોલ્યા મહારાજ ।
આવા સાધુ હોય નિરમાન, તેની રક્ષા કરવી નિદાન ॥૧૩॥
ડભાણમાંહિ થાશે જગન, તેમાં કરવા ઇચ્છે છે વિઘન ।
મહામદે ભર્યા જે અભાગી, તેને કેમ ગમે આવા ત્યાગી ॥૧૪॥
માટે એનું કરો ઉપરાળું, થાય તો કરજ્યો રખવાળું ।
ત્યારે બોલ્યો ભીલનો ભૂપતિ, એનો ભાર નથી મારે રતિ ॥૧૫॥
મર આવે પૃથ્વીપતિ રાય, માનું તરણા જેવો મનમાંય ।
પણ માગું છું જોડી હું હાથ, મારે ઘેર પધારીયે નાથ ॥૧૬॥
પછી બેસાર્યા પાલખી પર, રાય તેડી ચાલ્યો નિજઘર ।
બહુ હેતે કરી પધરાવ્યા, ભરી થાળ મોતીડે વધાવ્યા ॥૧૭॥
પછી સુરતથી સત્સંગી આવ્યા, પ્રભુ સારુ પોશાગ તે લાવ્યા ।
શોભે સુરવાળ જામો જરી, શિર બાંધી છે પાઘ સોનેરી ॥૧૮॥
બાંધી કમરે કસુંબી શાલ, નિરખી જન થયા છે નિહાલ ।
ચમર છતર અબદાગરી, તે રહ્યા છે હરિપર ધરી ॥૧૯॥
ધૂપ દીપ ઉતારી આરતિ, પછી કરજોડી કરી વિનતિ ।
જોઇ રાજી થયો રળિયાત, પ્રભુ સાંભળજ્યો એક વાત ॥૨૦॥
અમપર મહેર અતિ કીજે, આવું સહુને દર્શન દીજે ।
પછી બેઠા પાલખીએ હરિ, દિધાં શહેરમાં દર્શન ફરી ॥૨૧॥
નિર્ખિ નાથને થયો સનાથ, સહુ કહે ધન્ય ધન્ય નાથ ।
પછી પ્રભુ કહે સુણો રાજન, જાયે ડભાણે કરવા જગન ॥૨૨॥
સર્વે સજજ થાઓ તમે શૂર, જાવું જોશે આપણે જરૂર ।
પછી રાજા કહે સુણો નાથ, કહોતો લાખ ભીલ લઉં સાથ ॥૨૩॥
ત્યારે બોલીયા એમ મહારાજ, નથી આપણે એવડું કાજ ।
કાંઇ થોડા ઘણા લિયો સંગ, બીજા છે અમસંગે તોરંગ ॥૨૪॥
સજજ થઇ ચાલ્યો ભીલરાજ, બેઠા પાલખી પર મહારાજ ।
વાજે ઢોલ દદામા નિશાણ, શોભા બહુ શું કહું વખાણ ॥૨૫॥
આવ્યા ડભાણ ઢુંકડા જ્યારે, થયા ઘોડે અસવાર ત્યારે ।

ઘોડો શોભે છે ઘણું રૂપાળો, માંડ્યો સાજ ઉપર શોભાળો ॥૨૬॥
કોટે કોટિયું હૂલર હાર, પગે ઝાંઝરનો ઝમકાર ।
ચાંદી ચોકડે મોંવડે જડી, માથે કરી છે કલંગી ખડી ॥૨૭॥
શોભે તાવિથે ઘુઘરી સાર, કેડ્યે કનક ભૂષણની હાર ।
કાહું જીન કનકનું રાજે, દોય પાઘડે મોર બિરાજે ॥૨૮॥
અંગોઅંગ શોભા સઈ ભણું, શોભે ઘોડો ઘરેણાંમાં ઘણું ।
સારાં શીલ સોયામણો લાગે, ચાલે ઘમકે ઘુઘરીયો વાગે ॥૨૯॥
ધીરો ચાલે ને લીયે વારકી, ધ્રોડ્યે પહોંચાય નહિ કોઈ થકી ।
એવે અશ્વે ચડ્યા મહારાજ, દેવા દાસને દર્શન કાજ ॥૩૦॥
લીધી સર્વે સંઘની સંભાળ, કરે ચોકી રૂડિ રખવાળ ।
પછી અશ્વ પરથી ઉતરી, બેઠા પાલખીએ પોત્યે હરિ ॥૩૧॥
ધીરે ધીરે દિયે છે દર્શન, ઘણું જનપર છે પ્રસન્ન ।
પછી આવ્યા પાકશાળામાંય, ઘડી એક પોત્યે બેઠા ત્યાંય ॥૩૨॥
પૂછી પાકની ખબર ખરી, કહ્યું મોદક મૂક્યા છે કરી ।
પછી મોટો કરાવ્યો માળ, તિયાં બેઠા છે દીનદયાળ ॥૩૩॥
નિર્ખે નરનારી મળી વૃંદ, જેમ ચકોર ચિંતવે ચંદ ।
એમ કરતાં વીતિ ગઈ રેણ, પહોર એક પોઢ્યા કમળનેણ ॥૩૪॥
પછી જાગીયા પ્રાણઆધાર, તર્ત ઘોડે થયા અસવાર ।
ફરી જોઈ છે સીમ સઘળી, પછી આવિયા મંડપે વળી ॥૩૫॥
તિયાં બ્રાહ્મણ હતા હજાર, કરતા વેદનો મુખે ઉચ્ચાર ।
ભણે મંત્ર ને આહૂતિ દીએ, વહે પરનાળાં અખંડ ઘીએ ॥૩૬॥
હોમે હવિષ્યાન્ન જવ તલ, નિરદોષ જગન અવલ ।
નાલી કેળી લવિંગ સોપારી, હોમે એલા સ્વાદી શાળ સારી ॥૩૭॥
બહુવિધની લઈ સામગરી, હોમે છે વેદવિધિએ કરી ।
બેઠા પોત્યે તિયાં ઘડી ચાર, પછી આવ્યા પંગત્ય મોઝાર ॥૩૮॥
બેઠી પંગત્ય બ્રાહ્મણતણી, કોઈ થકી તે ન જાય ગણી ।
જમે બ્રાહ્મણ ભાવ ભરીને, જુવે પોતે પંગત્ય ફરીને ॥૩૯॥

પછી જમીને ઉઠ્યા વિપર, ગયા દ્વિજ ઉતારા ઉપર ।
એમ જમ્યા દન દશ સુધી, પછી આવી એકદિ કુબુધી ॥૪૦॥
આવી અસુરે કર્યો પ્રવેશ, ત્યારે દ્વિજે આદર્યો છે દ્વેષ ।
કહે કાંઇક કરો ઉપાય, શું વિચારી રહ્યા મનમાંય ॥૪૧॥
આતો પુરો થયો તે જગન, તેમાં કાંઇ ન પડ્યું વિઘન ।
સીધાં ખરચ્યામાં ન રાખી ખામી, કરીએ વિઘ્ન તો આપણે વામી ॥૪૨॥
પહેલા આપણાં મનુષ્ય જમાડો, બીજાં કળે કરીને ખમાડો ।
પછી કરીએ કતોહલ ભારી, પડશે ભંગાણ થાશે ખુવારી ॥૪૩॥
પછી કોણ કેને ઓળખે છે, ઘણા વિપ્ર આપણી પડખે છે ।
લોટ લાડવા લુંટી જ લેશું, બીજા તળાવમાં નાખી દેશું ॥૪૪॥
ગોળ ઘી કુડલાં લેશું હાથે, જાશું અંધારે ઉપાડી માથે ।
એકએક લઈ જાશું મોંટલી, જમશું ઘી ગોળ ને રોટલી ॥૪૫॥
એમ પરિયાણીયા વળી વામી, તે તો જાણે છે અંતરજામી ।
જોજ્યો જીવ તણી અવળાઇ, કેવું વિચારીયું ખાઇખાઇ ॥૪૬॥
એવું જાણીને હસિયા હરિ, પછી જીવને જુગતિ કરી ।
આવ્યા પાકશાળાને મોઝાર, કરી કળ કાઢ્યા વામી બાર ॥૪૭॥
આડા ઉભા રાખ્યા આણી પાળા, હાથ કરી લીધી પાકશાળા ।
દઈ ડારો હાથ લીધી અસિ, ડરી દુષ્ટ ઉભા દૂર ખસી ॥૪૮॥
કરવું હતું અવળું અપાર, હોંસ રહી તે હૈયા મોઝાર ।
બેઠા હાથ ઘસી પછી હેઠા, બહુ સમર્થ શ્રીહરિ દિઠા ॥૪૯॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળાનંદ મુનિવિરચિતે ભક્તચિંતામણિ મધ્યે યજ્ઞનો આરંભ કર્યો એ નામે અષ્ટાવનમું પ્રકરણમ્ ॥૫૮॥